R.N.I. No. : GUJGUJ/2000/447-

અયૂબ ૪૦ : ૧૯

Ahmedabad Jurisdiction

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતુ સાપ્તાહિક

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા

વેબ સાઈટ : http:// jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

(મો)૯૮૨૫૧૬૯૩૮૬

આપનું લવાજમ બાકી છે ?(હા)- (ના) (સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો)

If undelivered pl. return to; કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી, અમદાવાદ-૭

YEAR-26 • ISSUE: 40 DATE: 07-10-17• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

## મુંબઇ હાઇકોર્ટે નકલી એન્કાઉન્ટર્સમાં આરોપીઓને છોડી મુકવાના આદેશોને ન પડકારવા બદલ સીબીઆઇ સામે નારાજગી દર્શાવી

બોમ્બે હાઈકોર્ટે સોહરાબ શેખ અને તુલસીરામ પ્રજાપતિના કથિત બનાવટી એન્કાઉન્ટર કેસમાં વરિષ્ઠ આઈપીએસ અધિકારીઓને મુક્ત કરવાના ટ્રાયલ કોર્ટના આદેશોને કેમ પડકારવામાં ન આવ્યા તેવો સવાલ સીબીઆઈને કર્યો છે. હાઈકોર્ટની આ ટકોરથી ગુજરાતના કેટલાક આઈપીએસ અધિકારીઓની મુશ્કેલી વધી રહેલી દેખાય છે.આરોપીઓને છોડી મુકવાના કોર્ટના આદેશો સામે સોહરાબુદીનના ભાઈ રુબાબુદીન શેખે ફાઈલ કરેલી રિવીઝન પીટીશન પર સુનાવણી કરતાં જસ્ટીસ રેવતી મોહિતે-દેરેએ જણાવ્યુ હતું કે સીબીઆઈએ ટ્રાયલ કોર્ટના આદેશ સામે સમાન નારાજગી હોવી જોઈએ.

આથી તેમણે તપાસ સંસ્થા સીબીઆઈને સવાલ કર્યો કે તે આઈપીએસ અધિકારીઓ રાજકુમાર પાંડિયન,ડી.જી.વણઝારા અને દિનેશ એમ. ને છોડી મુકવાના ટ્રાયલ કોર્ટના આદેશોને પડકારવાની તેની યોજના છે કે કેમ ? જસ્ટીસ મોહિતે દેરેએ હાઈકોર્ટની આગામી સુનાવણીની તારીખ ૧૨ ઓક્ટો. સુધી આ કેસમાં કોઈ આરોપી સામે આરોપો નહીં ઘડવાની સીબીઆઈના વકીલને મૌખિક સુચના આપી હતી.રુબાબુદીન શેકે આ કેસમાં ત્રણ આરોપીઓને છોડી મુકવાના આદેશોને પડકારતી અનેક અરજીઓ કરી છે. તેના વકીલ ગૌતમ તિવારીએ કોર્ટેને કહ્યુ હતું કે આ ત્રણ અધિકારીઓને છોડી મુકવાના આદેશોનો હવાલો આપી અન્ય અનેક આરોપીઓને પણ તેમને છોડી મુકવાની માંગણી કરી રહ્યા છે.

જસ્ટીસ મોહિતે દેરેએ સીબીઆઈની એ દલીલને નકારી કાઢી હતી કે તેણે રાજસ્થાનના બે પોલીસ સબ ઈન્સપેકટરર્સ હિમાંસુ સિંહ અને શ્યામસિંહ ચરણને છોડી મુકવાના આદેશને પડકાર્યો છે.જસ્ટીસે કહ્યુ કે તમે સબ ઈન્સ્પેકટર્સ અને કોન્સ્ટેબલને છોડી મુકવાનો વિરોધ કરી રહ્યા છો પરંતુ આઈપીએસ અધિકારીઓ અંગે શું કર્યુ ? શું તેમને છોડી મુકવા માટે મંજુરી ન મેળવવી એકમાત્ર કારણ છે ? આ કેસમાં તમામ આઈપીએસ અધિકારીઓને છોડી મુકાયા છે. માત્ર એકનેજ પડકારાયો છે. કાયદો તમામ અરજદારો સામે એક સરખો હોવો જોઈએ.તમારે (સીબીઆઈ)પણ અરજદાર(રુઆબુદીન)ની જેમ આ ચુકાદાથી અસંતુષ્ટ હોવા જોઈએ. ગુજરાત એન્ટી ટેરીરીઝમ સ્કોર્ડે સોહરાબુદીન શેખ અને તેની પત્ની કૌસરબીનું હૈદ્રાબાદતી આવતી વેળાએ મહારાષ્ટ્રના સાંગલીથી કથિત રીતે અપહરણ કર્યુ હતું. શેખને નવેમ્બર ૨૦૦૫માં ગાંધીનગર ફેક એન્કાઉન્ટરમાં ઠાર મારવામાં આવ્યો હતો. એ પછી કૌસર બી ગુમ થઈ ગઈ હતી.આ એન્કાઉન્ટરનો સાક્ષી અને શેખનો સહયોગી પ્રજાપતિ પણ ગુજરાતના બનાસકાંઠા જિલ્લામાં છપરી ગામમાં પોલીસના કથિત એન્કાઉન્ટરમાં પણ કથિત રીતે ઠાર મરાયો હતો.

## દેશનું અર્થતંત્ર બિમાર, સરકાર ખુશામતમાં રત,પુત્રની કારકીર્દીની તમા નથી : યશવંતસિંહા આકરા પ્રહારો

પુર્વ નાણાંમંત્રી યશવંતસિહાએ મોદી સરકાર પર અર્થતંત્રના સંદર્ભે પોતાના આકરા પ્રહારો જારી રાખતાં કહ્યુ હતું કે અર્થતંત્ર નીચે અને નીચે જઈ રહ્યુ છે.પણ સરકાર પોતાની પ્રશંસામાંથી ઉંચી આવતી નથી.સરકાર પોતાની પીઠ થાબડી રહી છે.મોદી સરકારના આર્થિક નિર્ણયોના બચાવમાં પોતાના પુત્ર અને કેન્દ્રીય મંત્રી જયંત સિંહાએ કરેલા બચાવ અંગે યશવંતસિંહાએ રોષ વ્યક્ત કર્યો હતો.નાણામંત્રી અરુણ જેટલીએ ૮૦ વર્ષે નોકરીની તલાશમાં નીકળેલા માણસ તરીકે તેમને સંબોધતાં ગુસ્સે ભરાયેલા સિંહાએ કહ્યુ કે જો હું નોકરી માટે લાઈનમાં ઉભો હોત તો જેટલી પોતે આ નોકરીમાં ન હોત.સિહાએ જેટલીની અભદ્ર ટિપ્પણી બદલ ઝાટકણી કાઢી હતી.તેમણે કહ્યુ હતું કે ભાજપ અને સરકારના લોકો તેમને વ્યક્તિગત આરોપોમાં ઉલઝાવી દવા માંગે છે. પણ હું તેમની જાળમાં ફસાવાનો નથી. જેટલીની કોમેન્ટ એટલી ગંદી છે કે હુ મારા સ્ટેટસની નીચે જઈને તેની વિરુધ્ધમાં કશુ કહેવા પણ માંગતો નથી. એમ તેમણે કહ્યુ હતું.

અનું. પાન નં.૪ ઉપર

## વિશ્વ બેન્કે ચેતવણી આપી કે ભારત સહિતના દેશોનું શિક્ષણનું સ્તર કટોકટી જેવી સ્થિતમાં છે

વિશ્વ બેન્કે ચેતવણી આપી છે કે ભારત જેવા ઓછી અને મધ્યમસ્તરની આવક ધરાવતાં દેશોમાં શિક્ષણ ક્ષેત્રે કટોકટી જેવી સ્થિતિ છે તેમાં સુધારો કરવાની જરુર છે.વર્લ્ડ બેન્કે કહ્યુ છે કે સાચું શિક્ષણ આપ્યા વગર માત્ર બાળકોને શાળામાં મોકલી દેવા એ વિકાસની તક વેડફવા જેવું છે. એટલું જ નહીં, બાળકોને પણ આવા દેશો મોટો અન્યાય કરી રહ્યા છે.વિશ્વબેન્કે રજુ કરેલા રિપોર્ટમાં નોધ્યું છે કે ભારત સહિતના દેશોમાં લાખો વિદ્યાર્થીઓને જોઈએ તેવું પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ મળતું નતી. જેને કારણે તેમને જીવનમાં સફળ થવાની સારી તક ગુમાવવી પડે છે. અને પાછલી વયમાં ઓછી આવકે કામનો ઢસરડો કરવો પડે છે. વર્લ્ડ ડેવલપમેન્ટ રિપોર્ટ ૨૦૧૮ લર્નિંગ ટુ રિપલાઈઝ એજ્યુકેશન્સ પ્રોમિસ નામથી રજુ થયેલા આ અહેવાલમાં ૧૨ દેશોના રેન્કીગ અપાયા છે. જેમાં બીજા ધોરણમાં ભણતો વિદ્યાર્થી નાનકડો શબ્દ વાંચી શકતો નથી. આ યાદીમાં ભારત,મલાવી પછી બીજા ક્રમે છે.બીજા ધોરણમાં બે આંકડાની બાદબાકી પણ કરતા ન આવડતા હોય તેવા વિદ્યાર્થીઓવાળા દેશોની યાદીમાં ભારત સાતમાં ક્રમે છે.

## દેશની જનતા હજુ પણ અચ્છે દિન આવવાની રાહ જોઇ રહી છે : શિવસેના



એનડીએના સાથી પક્ષ શિવસેના દ્વારા હવે ભાજપના મુળિયામાં ઘા મારવાની વિધિ ચાલી રહી છે.છેલ્લા કેટલાક સમયથી ભાજપની નીતી રીતીઓની ભરપુર ટીકા કરનારા શિવસેનાએ જણાવ્યુ હતું કે દેશની જનતા હજુ પણ અચ્છે દિન આવવાની રાહ જોઈ રહ્યા છે.આ સાથે તેમણે મહારાષ્ટ્રના ભાજપના એક મંત્રીની પાર્ટી વિરુધ્ધની ટીપ્પણીની ઝાટકણી કાઢી હતી. અગાઉ મહેસુલ મંત્રી ચંદ્રકાંન્ત પાટીલે કહ્યુ હતું કે જે સરકારમાં પોતે સામેલ છે તેનો જ વિરોધ કરીને શિવસેના ખુદ પોતાને મુર્ખ સાબિત કરી રહી છે. ઉધ્ધવ ઠાકરેના નેતૃત્વમાં રહેલી શિવસેના કેન્દ્ર અને મહારાષ્ટ્રમાં ભાજપના નેતૃત્વમાં રહેલી સરકારનો હિસ્સો છે. તેણે ઈંધણના વધતા ભાવોના મામલે દેખાવો કર્યા હતા. જો કે શિવસેનાએ પાટિલની આવા મહત્વના મુદ્દાઓ અંગે પોતે કરેલા દેખાવ વિશે કરેલી ટિપ્પણીઓને નકારી દીધી છે. શિવસેનાએ તેના મુખપત્ર સામનાના સંપાદકીયમાં લખ્યું હતું કે એ લોકો કે જેઓ એમ માને છે કે શિવસેનાએ ખુદની જ મજાક ઉડાવી છે તો તેઓ સત્તાના મદમાં અંધ બન્યા છે.પરંતુ અમે સ્થિર છીએ.શું તમે(પાટિલ) હસી શકશો કે જ્યારે અમે કહીશું કે લોકો તમામ સ્થળે હસી રહ્યા છે.કેમકે સત્તામાં આવ્યા પછી પણ અચ્છે દિન આવ્યા જ નહીં.

## મંદી,અર્થ વ્વવસ્થાના મામલે હવે બહુ થયું,વડાપ્રધાને સામે આવીને ખુલાસા કરવા જોઇએ : ભાજપી સાંસદ શત્રુધ્ન સિંહા

દેશનું અર્થતંત્ર ખાડે ગયું છે અને નાણાંમંત્રી અરુણ જેટલી નિષ્ફળ ગયા છે તેવી ભારે ગંભીર ટીકાઓ માજી નાણાંમંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા યશવંતસિંહા કરી ચુક્યા છે તેના ટેકામાં ભાજપી સાંસદ અને અભિનેતા શત્રુધ્નસિંહાએ અર્થતંત્રમાં મંદી અંગે સરકાર પર પ્રહારો કર્યા હતા.તેમણે વડાપ્રધાન મોદીને નિશાન બનાવતાં કહ્યુ હતું કે હવે તેમણે સામે આવીને ખુલાસા કરવાનો સમય આવી ગયો છે.અને ઉઠેલા સવાલોના જવાબો આપવા જોઈએ. તેમણે ટ્વીટર લખ્યુ હુતં કે હવે બહુ થયું, આ બિલકુલ યોગ્ય સમય છે. વડાપ્રધાન જનતા અને પ્રેસની સામે આવીને સવાલોના જવાબ આપે. વડાપ્રધાન એ જણાવે કે તેઓ મધ્યમ વર્ગ,વ્યાપારી અને નાના વેપારીઓનો ખ્યાલ રાખે.દેશભરમાં દેશમાં નબળી પડતી અર્થવ્યવસ્થા અને મંદી એગે ભારે ચર્ચાઓ ચાલી રહી છે.પુર્વ નાણાંમંત્રી યશવંતસિંહાએ અરુણ જેટલી પર દેશની અર્થ વ્યવસ્થાને નબળી પાડી હોવાનો આરોપ લગાવ્યો છે.જ્યારે નાણાંમંત્રી અરુણ જેટલીએ યશવંતસિંહાના કાર્યકાળમાં મળેલી નિષ્ફળતાઓ ગણાવી રહ્યા છે.

**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬

**નવક્રાન્તિ સાપ્તાહિક વેબસાઇટ ઉપર ઉપલબ્ધ છે.**

http:// jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુકhttp://facebook.com/robin.dholakia પર જોઈ શકાશે

# નવક્રાંતિ

મોહનદાસ કરમચંદ ગાંધી, જેને આપણે મહાત્મા ગાંધી તરીકે ઓળખીએ છીએ.હાલમાં તો દેશની કરન્સી ઉપર જ ગાંધી છે અને તેથી ગાંધી છાપને લોકો જુએ છે અને આવકારે છે.૨જી ઓકટો.ગાંધી જયંતિની ઉજવણી એ માત્ર એક સરકારી ઉજવણી બની ગઈ છે.ખરેખર ગાંધીએ આ દેશ માટે શું કર્યુ, શું વિચાર્યુ અને અને તેને અનુસરવા માટે જે કાંઈ જ્ઞાન આપ્યુ તેની ઉપરઆપણે વિચાર કરતાં નથી.ગાંધીજી એ આઝાદી મળ્યા બાદ દેશનો પ્રવાસ કર્યો.પ્રવાસ દરમિયાન તેમણે દેશમાં વ્યાપેલી અસ્પૃશ્યતા,આળસ,ગંદકી, નિરાશા, કંગાલિયત, વ્યસન, પ્રારબ્ધવાદ,અંધશ્રધ્ધા, શોષણ જેવા અનેક દુષણો જોયા.આ અભ્યાસ પ્રવાસથી તેમને એક વાતની પાકી ખાત્રી થઈ ગઈ કે સૌ પ્રથમ દેશવાસીઓને તૈયાર કરવા માટે ગામડે ગામડે એવા લોકસેવકો તૈયાર કરવા પડે કે જેઓ સમાજના દુષણો સામે લડીને તેને દુર કરવાનું ભગીરથ કાર્ય કરી શકે.તો જ એક જાગૃત,પ્રગતિશીલ અને આત્મવિશ્વાસથી છલકતા રાષ્ટ્રનું નવનિર્માણ થઈ શકે. જો કે આજે આઝાદીના સાત દાયકા બાદ પણ પરિસ્થિતિમાં જોઈએ તેવો સુધારો આવી શક્યો નથી. હા, ગાંધીજીએ વિચારેલા રામરાજ્યની રુપરેખા બદલાઈ ગઈ છે.હવે તો દેશને ખોખલા વાયદાઓના વેપારને સ્થાન મળી ગયું છે.પ્રજા આઝાદીને લાયક બની શકી કે કેમ એ એક મુઝવતો કોયડો બન્યો છે.

ગાંધીજીના મતે સ્વતંત્રતા પહેલા સામાજિક સુધારણા ન થાય,અસ્પૃશ્યતા નાબુદ ના થાય, કે આર્થિક અસમાનતા ન ઘટે તો સ્વતંત્રતા છેવાડના માનવી સુધી સ્પર્શી ના શકે તો તે અર્થહીન છે તેવો સ્પષ્ટ મત ગાંધીજીનો હતો.જો ગાંધીના મતને હાલની પરિસ્થિતિના સંદર્ભમાં જોઈએ તો પુર્વ પશ્ચિમ જેટલો તફાવત દેખાય છે.સ્વરાજ એટલે દેશના સૌથી કંગાળ,શોષિત,વંચિત,નિઃસહાય અને કચડાયેલા માણસનું ઉત્થાન,તેનુ સ્વમાન સચવાય,તેને મહેનતનું વાજબી ફળ મળે તેવા આઝાદ ભારતનું ગાધીજીનું સ્વપ્નુ આજે કેટલું ફળ્યું છે તે મુલવવું પડે.જો કે દર વર્ષે આપણે ગાંધી જયંતિ નિમિત્તે ગાંધીને યાદ કરીએ છીએ અને તેમણે આઝાદી પછીનું કલ્પેલુ ભારત ભુલી જઈએ છીએ.

## નોટબંધીની જેમ બુલેટ ટ્રેન પણ લોકોને મારતી જશે : ચિદમ્બરમ

કોગ્રેસના નેતા અને પુર્વ કેન્દ્રીય મંત્રી પી.ચિદમ્બરમે કહ્યું હતું કે બુલેટ ટ્રેન નોટબંધી જેવી છે. તેમણે કહ્યુ કે બુલેટ ટ્રેન તેના માર્ગમાં આવનાર દરેક ચીજને ખતમ કરી નાંખે છે.બુલેટ ટ્રેન સુરક્ષા સહિતની તમામ ચીજોને ખતમ કરી નાંખશે.મુંબઈના એલફીસ્ટન સ્ટેશન પર ભાગદોડ ને કારણે ૨૨ જેટલા લોકોના મોતના બીજા દિવસે તેમણે આ નિવેદન આપ્યું હતું.તેમણે પોતાના ટ્વીટર પર લખ્યું છે કે બુલેટ ટ્રેન નોટબંધી જેવી હશે. આ સુરક્ષા સહિત તમામ ચીજોની હત્યા કરી નાંખશે.રેલવેને બુલેટ જેવા મોંઘા પ્રાજેકટ પર કામ કરવાને બદલે મુસાફરોની સુરક્ષા પર ધ્યાન આપવું જોઈએ.અને તે માટે પોતાના માળખાનો વિકાસ કરવો જોઈએ.સુરક્ષા,ઉત્તમ માળખા અને સુવિધા પર રેલવેએ ખર્ચાઓ કરવા જોઈએ.

★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી વિભાગ (યુવકો)(૪૬)

| નંબર | શૈક્ષણીક લાયકાત | જન્મ તારીખ | માસિક આવક | મિશન | સ્થિતિ |
|---|---|---|---|---|---|
| ૪૬૯ | એમ.એ.બીએડ,એમ.ફીલ. | ૨૨-૨-૮૯ | ૩૮૦૯૦ | મેથો. | કુંવારા |
| ૪૭૦ | એમ.કોમ.બીબીએ. | ૬-૨-૯૨ | ૨૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૪૭૧ | એમ.એસ.ડબલ્યુ | ૧-૮-૮૭ | ૨૨૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૪૭૨ | ધો.૧૨.ઈલેક્ટ્રીક.મીકે.ડિપ્લોમાં | ૧૦-૧૨-૮૨ | ૪૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૪૭૩ | બી.કોમ.એમબીએ. ઈગ્લીંસ મીડીયમ | ૬-૧૦-૮૯ | ૨૫૦૦૦ | સીએનઆઈ | કુંવારા |
| ૪૭૪ | ૧૨સાયંસ,બીસીએ,બીએડ.કોમ્પ્યુ. | ૩-૯-૮૬ | ૭૭૦૦ | આર.સી. | કુંવારા |
| ૪૭૫ | જીએનએમ. ૩ ૧/૨વર્ષ | ૨૧-૮-૯૦ | ૧૮૦૦૦ | સા.આર્મી. | કુંવારા |
| ૪૭૬ | આઈ.ટી.એન્જીનીયર | ૨૭-૨-૯૦ | ૩૦૦૦૦ | મેથો. | કુંવારા |
| ૪૭૭ | એમ.એસ.સી.જીનેટીક્સ | ૨૨-૧૦-૮૯ | ૨૦૦૦૦ | મેથો. | કુંવારા |
| ૪૭૮ | બીઈ મીકેનીકલ.એન્જી. | ૨-૨-૯૨ | ૧૫૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૪૭૯ | બીકોમ.પીજીએચઆરડી.ડીપ્લો.ઈન્ટર.બી-મા.મે | ૧૬-૧૨-૯૧ | ૧૫૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૪૮૦ | એમબીએ.માર્કેટીંગ | ૩૦-૧-૭૯ | ૨૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૭૯૧ | જીએનએમ ૩ ૧/૨ વર્ષ | ૨૧-૧૨-૯૦ | ૮૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૭૯૨ | બીકોમ.હોટેલ મેનેજમેન્ટ ૩. ૧/૨વર્ષ | ૫-૪-૯૬ | ૧૦૦૦૦ | સીએનઆઈ | કુંવારા |
| ૭૯૩ | ૧૨પાસ.અંગ્રેજી માધ્યમ | ૧૦-૧૧-૭૮ | ૨૫૦૦૦ | સા.આર્મી. | કુંવારા |
| ૭૯૫ | ૧૦પાસ.એમટીઆઈ ૨વર્ષ વાયરમેન | ૧૭-૧૧-૮૮ | ૧૦૦૦૦ | મેથો. | કુંવારા |
| ૭૯૬ | બીએ.એલએલબી. | ૩-૭-૮૬ | ૧૫૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૭૯૭ | ૧૨ નાપાસ.જીઈબી એપ્રેન્ટીસ.પાસ | ૧૯-૮-૮૪ | ૧૦૫૦૦ | સા.આર્મી. | કુંવારા |
| ૭૯૮ | બીકોમ.કોમ્પ્યુ.કોર્ષ | ૧૦-૭-૮૮ | ૯૫૦૦ | આર.સી. | કુંવારા |
| ૭૯૯ | એમ.એ.બીએડ(ગુજરાતી) | ૧-૫-૮૦ | ૩૮૦૯૦ | આર.સી. | કુવારા |
| ૮૦૨ | બીએ(ઈગ્લીંસ)કોમ્પ્યુ.આઈટી.કોર્,પીજીડીસીએ | ૫-૯-૮૮ | ૧૭૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૮૦૩ | બીએ.આઈટીઆઈ.ઈલેક્ટ્રીશ્યન ૨ વર્ષ | ૩-૩-૮૪ | ૮૫૦૦ | સા.આર્મી. | કુંવારા |
| ૩૧૦ | બીકોમ.જીએનએમ ૩ ૧ /૨ વર્ષ | ૪-૬-૮૫ | ૧૮૦૦૦ | સીએનઆઈ | વિધુર |
| ૩૧૧ | ૧૦પાસ.આઈટીઆઈ ફીટર | ૧૯-૩-૮૦ | ૧૨૦૦૦ | મેથો. | છુટાછેડા |
| ૩૧૨ | ૧૦પાસ.૨વર્ષ આઈટીઆઈ.જીઈબી.એપ્રેન્ટીસ | ૧૨-૮-૭૩ | ૨૦૦૦૦ | આર.સી. | છુટાછેડા |
| ૩૧૩ | એમ.એસ.ડબલ્યુ | ૧૮-૭-૮૨ | ૫૦૦૦૦ | આર.સી. | છુટાછેડા |
| ૩૧૪ | ૧૦પાસ.ફીટર.૨વર્ષ સીએનજી. | ૪-૮-૮૪ | ૧૫૦૦૦ | મેથો. | છુટાછેડા |

## ★ યુવતીઓ (૪૬) ★

| નંબર | શૈક્ષણીક લાયકાત | જન્મ તારીખ | માસિક આવક | મિશન | સ્થિતિ |
|---|---|---|---|---|---|
| ૪૭૬ | એમ.એસ.સી.બી.એડ.(ઈગ્લીસ મીડીયમ) | ૨૪-૨-૮૩ | ૨૫૦૦૦ | આર.સી. | કુંવારી |
| ૪૭૭ | એમ.એસ.સી.બી.એડ (ઈગ્લીસ મીડીયમ) | ૨-૫-૮૮ | ૧૫૦૦૦ | સીએનઆઈ | કુંવારી |
| ૪૭૮ | જીએનએમ ૩ ૧/૨ વર્ષ | ૧૮-૭-૮૮ | ૩૦૦૦૦ | સા.આર્મી. | કુંવારી |
| ૪૭૯ | એમએસસી. ઓર્ગેનીક | ૨૬-૪-૮૯ | ૧૮૦૦૦ | આર.સી. | કુંવારી |
| ૪૮૦ | ૧૨ પાસ.૨ વર્ષ નર્સીંગ | ૯-૨-૮૬ | ૭૦૦૦૦ | મેથો. | કુંવારી |
| ૪૮૧ | એમબીએ.(એચઆર)એલએલબી. | ૪-૧૦-૮૯ | - | આર.સી. | કુંવારી |
| ૪૮૨ | એમબીએ.(એચઆર) | ૧૯-૧૦-૯૦ | ૧૮૦૦૦ | આર.સી. | કુંવારી |
| ૪૮૩ | બીકોમ.એમબીએ.ફાઈનાન્સ | ૩-૨-૯૦ | ૧૫૦૦૦ | આર.સી. | કુંવારી |
| ૪૮૪ | બીઈ આર્કીટેક | ૧૭-૬-૯૨ | ૩૩૦૦૦ | આર.સી. | કુંવારી |
| ૪૮૫ | જીએનએમ. ૩ ૧/૨ વર્ષ | ૨૦-૧-૮૬ | ૩૯૦૦૦ | મેથો. | કુંવારી |
| ૪૮૬ | બીસીએ.એમએસસી.(આઈટી) | ૧-૯-૮૯ | ૧૦૦૦૦ | આર.સી. | કુંવારી |
| ૪૮૭ | કોમ્પ્યુ. એન્જી. | ૨૫-૧૦-૯૩ | ૨૦૦૦૦ | આર.સી. | કુંવારી |
| ૫૨૪ | એમ.એ.બીએડ.ઈગ્લીસ મીડીયમ | ૪-૬-૭૭ | ૨૪૦૦૦ | આર.સી. | કુંવારી |
| ૫૨૫ | એમ.એ.બીએડ. એમએડ | ૫-૧૨-૮૬ | ૫૦૦૦ | આર.સી. | કુંવારી |
| ૫૨૬ | પીટીસી | ૩૧-૫-૭૪ | ૩૯૦૦૦ | સા.આર્મી. | કુંવારી |
| ૫૨૭ | એમ.કોમ. ઈગ્લીંસ મીડીયમ | ૧૧-૭-૯૨ | - | મેથો. | કુંવારી |
| ૫૨૮ | એમ.એ.બીએડ (હિન્દી ગુજરાતી) | ૧૬-૮-૮૫ | ૯૦૦૦ | સા.આર્મી | કુંવારી |
| ૫૨૯ | એમ એ.બીએડ( સંસ્કૃત ગુજરાતી) | ૨૪-૪-૮૦ | ૪૦૦૦ | સા.આર્મી. | કુંવારી |
| ૫૩૦ | પીટીસી.બીએ.કોમ્પ્યુ. કોર્ષ | ૨-૧૧-૯૧ | - | સા.આર્મી. | કુંવારી |
| ૫૩૦ | ૧૨ પાસ.સિવણ ડીપ્લોમાં. | ૨૧-૧૨-૯૦ | - | સા.આર્મી. | કુંવારી |
| ૧૯૦ | બીએસસી નર્સીંગ | ૧૨-૨-૯૦ | ૩૨૦૦૦ | મેથો. | છુટાછેડા |
| ૧૯૧ | એમએ બીએડ (ઈગ્લીંસ) | ૨૪-૭-૮૫ | ૧૮૦૦૦ | આર.સી. | છુટાછેડા |
| ૧૯૨ | બીકોમ. | ૨૧-૭-૮૩ | ૪૮૦૦૦ | મેથો. | છુટાછેડા |
| ૧૯૩ | જીએનએમ ૩ ૧/૨વર્ષ | ૨૧-૧૧-૮૭ | ૫૦૦૦૦ | સીએનઆઈ | છુટાછેડા |
| ૧૯૪ | જીએનએમ ૩ ૧/૨ વર્ષ | ૧૮-૧-૮૮ | ૮૦૦૦૦ | મેથો. | છુટાછેડા |

## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

**ડાયરેકટરશ્રી ભાઈલાલભાઈ એસ.ટેલર,**

**પાર્ક સ્ટ્રીટ,મેથોડીસ્ટ નર્સીંગ સ્કુલ સામે,મિશન રોડ,નડીયાદનો સંપર્ક કરવો.**

તેમના ફોન નં. **૯૮૯૮૩૧૮૬૮૫, ૯૭૧૪૫૧૮૩૬૭** છે

(૧) રજીસ્ટ્રેશન ફી યોગ્યતાના ધોરણે લેવામાં આવશે.

(૨)આર્થિક રીતે નબળા વિધવા કે બેરોજગાર વ્યક્તિઓ પાસેથી રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.તેમજ આવી વ્યક્તિઓ જીવનસાથી પસંદગી કેન્દ્રની રૂબરૂ મુલાકાતે આવશે તો પસંદગી કેન્દ્ર તરફથી તેમને ભાડા પેટે વધુમાં વધુ રૂ ૩૦-૦૦ આપવામાં આવશે.

(૩)રજીસ્ટ્રેશન ફી સિવાય લગ્ન પહેલાં કે પછી કોઈપણ જાતની ફી કે નાણાં લેવામાં આવતાં નથી.(૪)લગ્નવાંચ્છુક યુવક - યુવતીઓના બાયોડેટા વિનામુલ્યે જાહેરાત તથા ઈન્ટરનેટ પર મુકવા સંપર્ક કરવો.

**(૫)visit by appointment only**

# સુપ્રીમ કોર્ટે અરજકર્તાને કહ્યું કે જે ભગવાન કરી શકે તે અમને કરવાનું ન કહો !



દેશના દરેક નાગરિકને એવો વિશ્વાસ છે કે ગમે તેવી સમસ્યામાં દેશની સુપ્રીમ કોર્ટ તેની વધારે આવશે.પરંતુ કેટલીક બાબતોમાં સુપ્રીમ કોર્ટ પણ લાચાર બની જાય છે.આવો જ એક કિસ્સો સુપ્રીમ સમક્ષ આવ્યો અને સુપ્રીમે લાચારી દર્શાવી હાથ ઉંચા કરી દેવા પડ્યા.સુપ્રીમે સ્વીકાર્યું હતું કે તે અરજકર્તાની આ સમસ્યામાં કોઇ મદદ કરી શકે તેમ નથી. અરજકર્તાએ તેની અરજીમાં અદાલત સમક્ષ માંગણી કરી હતી કે અદાલત સરકારને ભારતમાંથી મચ્છરો નાબુદ કરવાનો આદેશ આપે.

મચ્છરોના ત્રાસથી ત્રાહિમામ પોકારી ગયેલા ધનેશ લેશધને સુપ્રીમ કોર્ટના દ્વાર ખખડાવ્યા હતા અને માંગ કરી હતી કે સરકારે મચ્છરોને નાબુદ કરવા જોઇએ. અરજકર્તાએ માંગ કરી હતી કે જો મચ્છર કરડવાથી કોઇનું મોત થાય તો સરકારને જવાબદાર ઠેરવવી જોઇએ. પરંતુ સુપ્રીમે અરજકર્તાને કહેવું પડ્યું કે અમે ભગવાન નથી. જે કામ ફક્ત ભગવાન જ કરી શકે તે અમને કરવાનું ન કહો. ધનેસ લેશધનને એમ હતું કે અદાલત આ મામલામાં હસ્તક્ષેપ કરી મદદ કરશે. ધનેશ ઇચ્છતા હતા કે અદાલત સરકારને આદેશ આપે કે મચ્છરજન્ય રોગોના અટકાવ માટે મચ્છરની નાબુદી માટે સરકાર માર્ગદર્શિકા તૈયાર કરે. સુપ્રીમ કોર્ટે જણાવ્યુ હતું કે દેશમાંથી મચ્છર નાબુદ કરવા માટે સત્તાવાળાઓને કોઇ અદાલત આદેશ આપી શકે નહીં. જસ્ટીશ મદન બી લોકુર અને જસ્ટીસ દીપક ગુપ્તાની બેન્ચે જણાવ્યુ હતું કે અમે દરેકના ઘેર જઇ એમ કહી શકતા નથી કે તમારા ઘરમાં મચ્છર અને માખી ચે તેને દુર કરો.અરજકર્તા અમને શા માટે એ કામ કરવાનું કહે છે જે ફક્ત ભગવાન જ કરી શકે.

# ઓસ્ટ્રીયામાં બુરખા પર પ્રતિબંધ મુકવામાં આવશે

ઓસ્ટ્રીયામાં નવા પ્રતિબંધો અમલમાં આવી રહ્યા છે.જેમાં બુરખો પહેરવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે.આ પ્રતિબંધ અનુસાર જાહેર સ્થળો કે ઈમારતોમાં ચહેરો ઢંકાય એ રીતે બુરખો કે અન્ય એવા વસ્ત્રો પહેરી શકાશે નહીં.આ પ્રતિબંધમાં જો કે સાંસ્કૃતિક કાર્યક્રમોમાં જોકર જેવા વસ્ત્રો,મેડીકલ માસ્ક તેમજ ઠંડીની મોસમમાં સ્કાર્ફ પહેરવામાં છુટ આપવામાં આવી છે.સરકારના કહેવા પ્રમાણે આ પ્રતિબંધનો હેતું મુક્ત સમાજમાં સામંજ્ય જળવાઇ રહે એ માટેનો છે.

---

૧૯૨૭માં આવેલી સાઈલેન્ટ ફિલ્મ મેટ્રોપોલીનના પોસ્ટરની ૨૦૦૫માં હરાજી કરવામાં આવેલી તેમાં તેના ૬૯ કરોડ રૂપીયા ઉપજ્યા હતા. આ ફિલ્મના પ્રમોશન માટે માત્ર ૪ પોસ્ટર જ તૈયાર કરવામાં આવ્યા હતા.

સુર્યમાળાનો સૌથી વિશાળ જ્વાળામુખી ઓલિમ્પસ મોન્સ મંગળ ગ્રહ પર આવેલો છે.

બોઈંગ ૭૪૭માં ૬ લાખ જુદા જુદા ભાગોમાં વહેચાયેલુ છે.

લાઈફ મેગેઝીનના કવર પર સૌથી વધુ વાર ચમકનાર એલીઝાબેથ ટેલર એકમાત્ર હસ્તી છે.

વિશ્વનુ સૌથી મોટું સ્ટેડીયમ એસ્ટ્રાહીવ સ્ટેડીયમ છે. તે પ્રાગમાં આવેલું છે.

તિબેટનુ ઉરુત્સો તળાવ દર બાર વર્ષે મીઠા અને ખારા પાણીમાં ફેરવાય છે.


**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો`જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

*ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ*

**સંપર્કઃએ.એમ.મેકવાન**

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪


# કેન્દ્ર સરકારે સર્વે પરથી મેળવેલા રીપોર્ટ મુજબ ધંધાકીય,ધાર્મિક,શૈક્ષણિક,સામાજિક અને ટુરીઝમ ક્ષેત્રે ગુજરાત ૧૭માં ક્રમે ધકેલાયું

ભારતમાં ઘરેલુ પ્રવાસનના નામે કેન્દ્ર સરકારે તાજેતરમાં રીપોર્ટ બહાર પાડ્યો છે જેમાં દેશના ટોપ ટેન ટુરિસ્ટ ડેસ્ટિનેશન સ્ટેટમાં ગુજરાતનો સમાવેશ થતો નથી.કુછ તો દિન ગુજારો ગુજરાતમે પાછળ કરોડો રુપીયાનું આંધણ કરીને પબ્લીસીટી કરનારા ગુજરાત રાજ્ય પહેલા દસમાં ક્રમમાં પણ આવ્યું નથી.જુલાઇ-૨૦૧૪ થી જુન ૨૦૧૫ ના સમયગાળામાં નેશનલ સેમ્પલ સર્વે ઓર્ગેનાઈઝેશન દ્વારા થયેલા સર્વેક્ષણ આધારે આ રીપોર્ટ તૈયાર કરવામાં આવ્યો છે.

મહારાષ્ટ્રને નંબર વન ટુરિસ્ટ ડેસ્ટીનેશન સ્ટેટ તરીકે આ રિપોર્ટમાં દર્શાવાયું છે.જ્યારે અન્ય રાજ્યોમાં ઉત્તર પ્રદેશ,તામીલનાડુ,પશ્ચિમ બંગાળ, બિહાર, આંધ્ર પ્રદેશ,અને તોલંગાણા એક રાજય તરીકે, ઓડીશા,રાજસ્થાન,કેરળ અને કર્ણાટક આ યાદીમાં સમાવિષ્ટ થાય છે.એનએસએસના આ રિપોર્ટ પ્રમાણે ૨૦૧૪-૧૫ દરમિયાન રજાઓ ગાળવા,આરામ કરવા, આનંદપ્રમોદ કરવા, આરોગ્ય તથા મેડિકલ સારવાર ચેકઅપ કરાવવા તેમજ ખરીદીના હેતુઓ માટે રાત્રિ રોકાણ ક્યુ હોય તેવા દેશમાં સૌથી વધુ ૧.૫૧ કરોડ પ્રવાસીઓ મહારાષ્ટ્રમાં આવ્યા હતા.જ્યારે ઉત્તર પ્રદેશમાં ૧.૪૩ કરોડ, રાજસ્થાનમાં ૭૩૦૬૩ તથા કેરલમાં ૬૪,૨૩૪ પ્રવાસીઓ આવ્યા હતા.આ રિપોર્ટ મુજબ ઉક્ત ગાળામાં છેલ્લા ૩૦ દિવસ દરમિયાન રાત્રિ રોકાણ કર્યુ હોય તેવા રાજ્યોમાં સૌથી વધુ ૧.૬૦ કરોડ પ્રવાસીઓ ઉત્તર પ્રદેશમાં, આંધ્ર-તોલંગાઆમાં ૧.૩૦ કરોડ ,મહારાષ્ટ્રમાં ૧.૦૧ કરોડ, બિહારમાં ૮૩૭૫૩, રાજસ્થાનમાં ૮૧૯૨૪, કર્ણાટકમાં ૭૮૫૨૬ અનો મધ્યપ્રદેશમાં ૭૬૫૦૫ પ્રવાસીઓ આવ્યા હતા.આ રિપોર્ટ પ્રમાણે ઉકત સમયગાળામાં ગુજરાતમાં ૧૮ ટકા કુટુંબો રજા ગાળવા,આરામ કરવા, આનંદપ્રમોદ કરવા તેમજ મેડીકલ તથા ખરીદીના હેતુઓ માટે રાત્રિરોકાણ કર્યુ હતું.જે પ્રમાણે ૧૯ ટકા રાષ્ટ્રીય સરેરાશથી ૧ ટકો ઓછું હતું. કેરળમાં ૩૨ ટકા, ઓડીશામાં ૨૪ ટકા, મહારાષ્ટ્રમાં ૨૩ ટકા,પંજાબમાં ૨૧ ટકા, રાજસ્થાનમાં ૨૦ટકા,તામિલનાડુંમાં અનો હરિયાણાં ૧૯-૧૯ ટકા કુટુંબોએ પ્રવાસી તરીકે રાત્રિ રોકાણ કર્યુ હતું.ગુજરાતનુ ૧૮ ટકા પ્રમાણે ઝારખંડ અનો કર્ણાટક સામકક્ષ હતું.જ્યારે ઉક્ત ગાળામાં છેલ્લા ૩૦ દિવસ દરમિયાન ગુજરાતમાં ૧૬ ટકા કુટુંબોએ ધંધાકીય,સામાજિક, ધાર્મિક,શૈક્ષણિક તથા અન્ય હેતુઓ માટે રાત્રિ રોકાણ કર્યુ હતું.જે ૨૯ ટકા રાષ્ટ્રીય સરેરાશ કરતાં ૫ ટકા ઓછું પ્રમાણ હતું. આ રીપોર્ટ મુજબ દેશના ૧૮ ટોચના પ્રવાસન રાજ્યોની યાદીમાં ગુજરાતનો નંબર છેલ્લેથી બીજા ક્રમે છે.ગુજરાતને નંબર વન ટુરિસ્ટ ડેસ્ટિનેશન રાજય તરીકે પ્રોજેક્ટ કરી રહેલા નીતિ ઘડવૈયાઓ માટે આ રીપોર્ટ પડકારજનક છે.આ રિપોર્ટને લઈને ચર્ચા એવી પણ થઈ રહી છે કે અમિતાભ બચ્ચનને બ્રાન્ડ એમ્બેસેડર બનાવી કુછ દિન તો ગુજારો ગુજારતમે ના સ્લોગન હેઠળ ગુજરાતને ટુરિસ્ટ ડેસ્ટીનેશન તરીકે પ્રોજેક્ટ કરી જોર શોરથી કરાયેલો પ્રચાર ગુજરાતને પ્રવાસીઓ અપાવવામાં નિષ્ફળ નિવડ્યો છે.

આમ બીગ બી ને બ્રાન્ડ એમ્બોસેડર બનાવી ગુજરાતમાં પ્રવાસીઓને આર્કષવાની ધારણા સદંતર ખોટી પડી છે.અને પ્રવાસન ક્ષેત્રે કરેલું કરોડોનું રોકાણ નિષ્ફળ નીવડ્યું છે. એ જ પ્રમાણે મોટા મોટા ઉદ્યોગોને આર્કષવાની માટે કરેલા વાઈબ્રન્ટમાં પણ જોઈએ તેટલો સારો પ્રતિસાદ મળ્યો નથી.વાઈબ્રન્ટમાં મોટા ઉદ્યોગો આવશે તો પ્રવાસન ઉદ્યોગને વધુ પ્રવાસીઓ મળી રહેશે તોવી ધારણાઓ સફળ થઈ નથી.વિકાસ કરવામાં ખાટલે મોટી ખોટ ક્યાં છે તે શોધી કાઢવાની જરુર છે.ગુજરાતમાં અથાગ કુદરતી સંપદા અને સૌથી લાબો દરિયા કિનારો છે.બીચો વિકસાવવામાં આવશે તો પ્રવાસીઓ આર્કષી શકાશે તેવું ગણિત આયોજકોના મગજમાં બેસવું જોઈએ.ગોવામાં સૌથી વધુ પ્રવાસીઓને આર્કષતી બાબતો દરિયા કિનારાના બીચો છે.

# બોગસ પાનકાર્ડથી થતા દસ્તાવેજો ની નોધણી રોકવા રજીસ્ટારે આઇટી વેબ પર ખરાઇ કરવી પડશે

રાજ્ય સરકારના નોધણી સર નિરિક્ષકે બોગસ પાનકાર્ડના આધારે જમીનો અને મિલકતોના વેચાણ દસ્તાવેજની નોધણી અટકાવવા માટે મહત્વનો પરિપત્ર કર્યો છે. હવે સબ રજીસ્ટારની કચેરીમો રુ.૧૦ લાખથી વધુની રકમના દસ્તાવેજની નોધણી વખતે પાનકાર્ડ રજુ કરવામાં આવશે તો સબ રજીસ્ટારે ખુદ આઈટીની સત્તાવાર વેબસાઈટ ઉપર પાનકાર્ડની ખરાઈ કર્યા બાદ જ દસ્તાવેજની નોધણી કરવાની રહેશે.જો પાનકાર્ડ બોગસ હોવાની શંકા લાગે તો તેવા સંજોગોમાં દસ્તાવેજની નોધણી સબ રજીસ્ટાર અટકાવી પણ શકશે.રાજ્ય સરકારના નોઘણી સર નિરીક્ષકે તા.૨૬ સપ્ટે.ના રોજ દસ્તાવેજની નોધણી પહેલા પાનકાર્ડના વેરિફિકેશન અંગે પરિપત્ર કર્યો છે જેમાં સબ રજીસ્ટારોએ પાનકાર્ડના વેરીફિકેશન અંગેની સુચના આપવામાં આવી છે.જેમાં સબ રજીસ્ટાર દસ્તાવેજની નોધણી પહેલા ઓનલાઈન પાનકાર્ડની ખરાઈ કરશે.ઓનલાઈન સાર્ચ વખતો ટેકનિકલ ફોલ્ટ સર્જાશે તો લોકોના દસ્તાવેજો અટકી પડશે.પરંતુ પ્રક્રિયા સરળ થાય તેવા પ્રયત્ન કરવા પડશે.

ગ્રેટ પાર માઉથની મેરી મેશટન નામની છોકરીએ ૧૫૭ કલાક પિયાનો વગાડેલ છે.

નાગાલેન્ડની માતૃભાષા અંગ્રેજી છે.

માનવીનો કાન પચાસ વર્ષમાં અર્ધોઈંચ જેટલો વધે છે.

જીરાફની જીભ ૨૧ ઈચ લાબી હોય છે


**લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે**

**મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭**

**લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે**

**AGNELO FREE MARRIAGE SERVECES, INDIA**

agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

# મધ્યપ્રદેશમાં શિક્ષણમંત્રીએ મદરેસાને દરરોજ રાષ્ટ્રગાન ગાવા માટે અપીલ કરી

મધ્ય પ્રદેશમાં મદરેસામાં રાષ્ટ્રગાન અને ત્રિરંગો લહેરાવવાનો વિવાદ હજી નામ નથી લેતો ત્યા ઉત્તર પ્રદેશબાદ મધ્યપ્રદેશના શિક્ષણ મંત્રીએ મદરેસામાં રોજ ત્રિરંગો લહેરાવીને રાષ્ટ્રગાન ગાવું જોઈએ તેવી સલાહ આપી છે.મધ્ય પ્રદેશના શાળા-શિક્ષણ પ્રધાન વિજય શાહે તમામ મદરેસાને રોજ ત્રિરંગો લહેરાવીને બાળકોને દેશને પ્રેમ કરતાં શીખવવા અપીલ કરી છે. તેમણે કહ્યુ હતું કે મદરેસામાં બાળકોને રોજ રાષ્ટ્રગીત ગાન કરના પ્રેરવામાં આવે. તેમણે વધુમાં કહ્યુ હતું કે આમ કરવામાં કોઈને વાંધો ના હોઈ શખે. મધ્યપ્રદેશના શાળા-શિશ્રણ પ્રધાને મદરેસા બાળકોને મદરેસા બોર્ડના ૨૦માં સ્થાપના દિને ભોપાલમાં આ જણાવ્યુ હતું.મુખ્ય પ્રધાને પણ બાળકોને દેશભક્તિના પાઠ ભણાવવા ૫ ર ભાર મુક્યો હતો.તેમણે કહયુ કે આપણે સમાન ભોજન અને પાણી આરોગીયે છીએ અને લોહી પણ સમાન રીતે લાલ છે.

ઉત્તર પ્રદેશમાં પણ શિક્ષણ બોર્ડે ૧૫મી ઓગષ્ટના રોજ કાર્યક્રમમાં ત્રિરંગો લહેરાવીને રાષ્ટ્રગાન ગાવાનો આદેશ આપ્યો હતો. કાર્યક્રમનો વીડીયો બનાવીને મોકલવાનું પણ કહેવામાં આવ્યુ હતું. અંદાજે ૧૫૦ જેટલી મદરેસાઓ જાહેરાત કરી હતી કે તે સરકારના આદેશ વિરુધ્ધ તેઓ ૧૫મી ઓગષ્ટના રોજ રાષ્ટ્રગાન નહીં ગાય અને વીડીયોગ્રાફી નહીં કરે. જમાતના મહામંત્રી મૌલાના શાહબુદ્દીન રીઝવીએ કહ્યુ હતું કે ઉજવણી ત્રીરંગો લહેરાવીને ધામધુમપુર્વક કરવામાં આવશે પરંતુ રાષ્ટ્રગાન ગાવા કે સમારંભની વીડીયોગ્રાફી જેવા કામ નહી થાય.રાષ્ટ્રગાનમાં જે ગીત રચના છે તે ૧૯૧૧માં અંગ્રેજોના માનમાં થયેલી ગીત રચના છે.તેથી શરિયત મુજબ તેનું ગાન ઉચિત નથી.

અનુ. પાન નં. ૧ નું ચાલુ (યશવંતસિંહા)

યશવંતસિંહાએ અરુણ જેટલી સામે કેટલાક અણિયાળા સવાલો કરીને કહ્યુ કે જેટલીએ તેમના ૮૦માં વર્ષે નોકરી માંગવા નિકળ્યા છે તેમ કહ્યુ છે પણ જો હું તેમ કરવા નિકળ્યો હોત તો જેટલી આજે નંબર વન ન હોત.સિંહાએ એમ પણ કહ્યુ કે તેમની ટીકાથી તેમના પુત્ર જયંતની રાજકીય કારકીર્દી પર જોખમ ઉભુ થાય તો પણ તેમને ચિંતા નથી. કેમકે તેમના માટે દેશનું હિંત સર્વોપરી છે. તેમણે કહ્યું કે આ અંગે તેમના દીકરા સાથે તેમની કોઈ વાતચીત થઈ નથી.

છેલ્લા ત્રણ વર્ષમાં ભારતનો જીડીપી ગબડીને સૌથી નીચલા સ્તરે આવી ગયો હોવાનું સિંહાએ અંગ્રેજી અખબારના લેખમાં લખ્યું હતું . સિંહાએ એમ પણ કહ્યુ હતું કે નોટબંધીનો નિર્ણય સૌથી મુર્ખામીપુર્ણ હતો.અને જીએસટીનો અમલ કરાવવામાં સરકારે ભારે બેદરકારી દાખવી હોવાને કારણે અર્થતંત્ર પર તેની માઠી અસર થઈ છે.સિહાના આ લેખ પછી બીજા દિવસે સરકારના કહેવાથી તેમના પુત્ર અને કેબિનેટ મંત્રી જયંત સિંહાએ વળતો લેખ લખીને સરકારના આર્થિક પગલાંનો બચાવ કર્યો હતો.જો કે ઈન્ડીયન એક્સપ્રેસને આપેલા એક ઈન્ટરવ્યુમાં સિંહાએ કહ્યુ હતું કે સરકાર પરિસ્થિતિની ગંભીરતાને સ્વીકારવા માટે તૈયાર નથી.અરીસો બતાવનારની જ તેઓ ટીકા કરી રહ્યા છે.

# પદ્મશ્રી ટોમ ઓલ્ટરનું નિધન

હિન્દી ફિલ્મો અને ટેલીવિઝનના અંગ્રેજ અભિનેતા ટોમ ઓલ્ટરનું ૬૭ વર્ષની વયે મુંબઈ ખાતે કેન્સરથી નિધન થયું હતું.તેઓ અભિનેતા,લેખક અને ડિરેક્ટર હતા.તેઓ ટોમ અમેરિકન મિશનરી પેરેન્ટ્સના સંતાન હતા. તેઓનો જન્મ ૧૯૫૦માં મસુરીમાં થયો હતો.તેઓ મસુરીમાં વુડસ્ટોક સ્કુલ તથા પુણેના ફિલ્મ એન્ડ ટેલીવિઝન ઈન્સ્ટી.માં અભ્યાસ કર્યો હતો. ૩૦૦ જેટલી ફિલ્મોમાં કામ કર્યુ હતું.જેમાં સત્યજીત રેની ફિલ્મ શતરંજ કે ખિલાડી,સરદાર અને જુનુન જેવી લોકપ્રિય ફિલ્મો પણ સામેલ છે.સ્પોર્ટ્સ ક્ષેત્રે પણ તેમણે લેખો લખ્યા હતા.તેમજ સચીન તેદુલકરનો ઈન્ટરવ્યુ પણ તેમણે કર્યો હતો.

# નોટબંધી મોદી સરકારનું બીન જરુરી સાહસ હતું,વિશ્વમાં નોટબંધી ક્યાંય સફળ થઇ નથી : મનમોહનસિંહ



૮૬ ટકા ચલણ સિસ્ટમમાંથી પાછું ખેંચાઈ જાય તો અર્થતંત્રનું પતન નિશ્ચિત બને છે તેવું પુર્વ વડાપ્રધાન મનમોહનસિંહ જણાવ્યુ હતું.

પુર્વ વડાપ્રધાન મનમોહનસિંહ પ્રખર અર્થશાસ્ત્રી તરીકે નોટબંધીના મોદી સરકારના નિર્ણયની ટીકા કરતાં જણાવ્યુ હતું કે આ બીન જરુરી સાહસ હતુ. લેટીન અમેરિકા અને આફ્રિકાના કેટલાક દેશો સિવાય વિશ્વના કોઈપણ દેશમાં નોટબંધી સફળ રહી નથી.

મનમોહનસિંહે કહ્યુ હતું કે મને નથી લાગતું કે નોટબંધીનુ સાહસ ટેકનિકલ અને આર્થિક રીતે જરુરી હતુ. જો દેશનું ૮૬ ટકા ચલણ સિસ્ટમાંથી પાછું ખેચાંઈ જાય તો અર્થતંત્રનું પતન નિશ્ચિત બને છે.જીએસટી લાગુ કરવામાં રહેલી ખામીઓ અને નોટબંધીને કારણે દેશના અર્થતંત્રમાં મંદી છવાઈ ગઈ છે.

ભારતે ગ્લોબલાઈઝેશન અને લીબ્રલાઈઝેશન જેવી આર્થિક નીતિઓ અપનાવ્યાના ૨૫ વર્ષમાં દેશનો ઘણો વિકાસ થયો છે.

આ સાબિત કરે છે કે ગ્લોબલાઈઝેશન અને લિબ્રલાઈઝેસનના ટીકાકારો ખોટા પડ્યા છે.તે સમયે ઘણા લોકને અમારી સરકારની આ નીતિઓ અંગે ખોટી ધારણાઓ હતી.પરંતુ અમે તેમને ખોટા સાબિત કર્યા છે.મુંગા વડાપ્રધાન હવે બોલી રહ્યા છે ત્યારે તેમની વાતના તથ્યો જોવા જોઈએ

# દલિત લેખક કાંચા ઈલૈયા પર ભાવનાઓ ભડકાવવાના આરોપસર ધાર્મિક કટ્ટરતાવાદીઓનો હુમલો

આંધ્ર પ્રદેશ અને તેલંગાણામાં પોતાના નવા પુસ્તક સામાજિકા સ્મગલેલું કોમ્માટોલું અંગે ભારે વિરોધ પ્રદર્શનો કરવામાં ાવ્યા હતા.પુસ્તકના લેખક કાંચા ઈલૈયા પર વૈશ્ય સમુદાય દ્વારા કથિત હુમલો કરાયો છે.અને તેમને ચંપલથી માર મારવામાં આવ્યો હતો.વારાંગલ જિલ્લામાં વૈશ્ય સમુદાય દ્વારા તેમના પર ચંપલ ફેકવાની ઘટના બની હતી.તેમના પુસ્તકમાં જાતિલક્ષી ભાવનાઓ ભડકાવવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો.તેઓ એક કાર્યક્રમ માટે વારાંગલ ગયા ત્યારે કેટલાક પ્રદર્શનકારીઓએ તેમના પર હુમલો કર્યો હતો.હુમલાથી બચવા માાટે તેમને પોલીસ સ્ટેશનમાં લઈ જવાયા હતા. પોતાના પુસ્તકમાં હિન્દુ ધર્મ વિરુધ્ધ વાંધાજનક લખાણ લખવાના કારણે તેમનો વિરોધ કરાઈ રહ્યો છે. અને સઈદાબાદ પોલીસ સ્ટેશનમાં તેમના વિરુદ્ધ ફરિયાદ દાખલ કરવામાં આવી છે.

ફરિયાદી કરુણા સાગરે કહ્યુ હતું કે કાંચાએ હિન્દુ ધર્મ અને દેવી દેવતાઓ વિરુધ્ધ વાંધાજનક લખાણ લખ્યું હતું. તેમણે તેમના પુસ્તકમાં લખ્યું છે કે મહાત્માં ગાંધીની હત્યા કરનાર નાથુરામ ગોડસે પણ એક બ્રાહ્મણ હતા. તેમના આવા લખાણને કારણે બંને સમુદાય વચ્ચે નફરત વધે છે.તેમણે આક્ષેપ કર્યો હતો કે આવું પહેલીવાર નથી થયું અગાઉ તેમના ચાર પુસ્તકમાં હિન્દુઓની લાગણીઓને ઠેસ પહોચે એવું લખાણ લખાયું છે.કાંચા ઈલૈયાના નવા પુસ્તકમાં આર્ય વૈશ્ય સમુદાય માંસ ખાતો હતો અન તેઓ ખેડુત હતા જે પાછળથી શાકાહારી બન્યા તેવું વાંધાજનક લખાણ લખવામાં આવ્યું હોવાનો આક્ષેપ કરાયો છે.

# બુલેટ ટ્રેનને મુંબઇમાં નહી આવવા દેવા માટે મહારાષ્ટ્ર નવનિર્માણસેના ના રાજ ઠાકરેની ધમકી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીને જુઠ્ઠા ગણાવીને મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના વડા રાજ ઠાકરેએ એવી ધમકી આપી છે કે જ્યાં સુધી સબર્બન રેલવે નેટવર્કમાં સુધારો નહીં કરાય ત્યાં સુધી તેમની પાર્ટી અમદાવાદ-મુંબઈ બુલેટ ટ્રેન પ્રોજેક્ટને પ્રવેશવા નહીં દે.રાજ ઠાકરેએ મુંબઈના બહારના રાજ્યોમાંથી આવતા હિજરતીઓને પણ એલફિસ્ટન દુર્ઘટના માટે જવાબદાર ઠેરવ્યા હતા. તેમણે કહ્યુ હતું કે આવેલી ઘટનાઓને રોકવી હોય તો હિજરતીઓને પ્રવેશતાં રોકવા જોઈએ. એલફિસ્ટન રોડ રેલવે સ્ટેશને ૨૩ જણના મોત થયા તેના પગલે રોષે ભરાયેલા રાજે વેસ્ટર્ન રેલવે હેડકવાર્ટસ પર કુચ કરવાનું એલાન કર્યુ હતું. બુલેટ ટ્રે પ્રોજેકટ માટે એક ઈંટ પણ મુકવાની પરવાનગી આપવાનો નથી.રેલવેના હયાત પ્રોજેકટમાં સુધારો કરવાને બદલે સરકાર નવા પ્રોજેકટ લોંચ કરી રહી છે.મે મારી જીંદગીમાં વડાપ્રધાન જેવો જુઠ્ઠો માણસ જોયો નથી.એવું રાજ ઠાકરે કહ્યુ હતું.




વિનંતી

તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

કેર કોમ્પ્યુટર સેન્ટર

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

અમી સર્જીકલ

જય ક્રિશ્ચિયન

૧૩,સહયોગ પાર્ક-૧ ,ન્યુ ગામડી રોડ, આણંદ.૧

મો.:૮૨૩૮૦૦૧૯૮૯

૯૮૨૪૩૬૨૪૬૨

ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.